بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.25-11-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુર: ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

یایھا الذ ین امنوا کو نوا قومین بالقسط شھداء للہ ولو علی انفسکم اوالو الدین والاقربین ان یکن غنیا او

فقیر افا للہ اولیٰ بھما فلا تتبعوا الھویٰ ان تعدلوا و ان تلوا او تعر ضوا فان اللہ کان بما تعملون خبیرا۔

ફરમાવ્યું ! આ આયતનું અનુવાદ છે કે હે તે લોકો જે ઈમાન લાવ્યા છે અલ્લાહની ખાતર ગવાહ બનતાં ન્યાયને મજબુતી કાયમ કરનાર બની જાઓ ચાહે પોતાની વિરૂધ્ધ ગવાહી આપવી પડે અથવા માતા પિતા અને સગા વહાલાઓ વિરૂધ્ધ ચાહે કોઇ અમીર હોય કે ગરીબ બન્નેનો અલ્લાહ જ બહેતરીન નિગેહબાન છે. માટે પોતાની ખ્વાહેશોની પૈરવી ન કરો આવું ન થાય ન્યાયથી દુર ભાગો અને જો તમે ગોળ મટોળ વાત કરી અથવા બેદરકારી કરી ગયા તો ખરેખર અલ્લાહ જે તમે કરો છો તેનાથી ખુબ જાણકાર છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આપણે દુનિયાને કહીએ છીએ કે દુનિયાની સમસ્યાનું નિવારણ ઇસ્લામી શિક્ષણમાં છે તેનાં માટે આપણે ઇસ્લામી શિક્ષા પ્રસ્તુત કરીએ છીએ. મારી કેનેડાની યાત્રા દરમ્યાન એક પત્રકારે સવાલ કર્યો કે આજ કાલની સમસ્યાનું તમે કયું નિવારણ પ્રસ્તુત કરો છો. મેં તેને કહ્યું કે તમે દુનિયા વાળા અને દુનિયાની મોટી શકિતઓ પોતાની આગેવાનીમાં સમસ્યાઓનું નિવારણ કરવા અને દુનિયામાં શાંતિ સ્થાપવા અને આતંકવાદને રોકવા માટે પોતાની તમામ કોશિશો કરી ચુકયા છો પરંતુ સમસ્યાઓ ત્યાંની ત્યાં જ છે. એક કોશિશ હજુ નથી થઇ અને તે ઇસ્લામી શિક્ષાની રોશનીમાં તેનું નિવારણ છે. તેના પર ખામોશ તો થઇ જાય છે. અત્યાર સુધી તો કોઇ પત્રકારે સામે આ નથી કહ્યું કે તે આદેશોની જો અમલી હકીકત છે તો પહેલાં મુસ્લિમ દેશો પોતાની સુધારણા કરે પરંતુ તેમના મગજમાં આ સવાલો ઊભા થઇ શકે છે અને થયા હશે માટે હું ખાસ કરીને મારા સંબોધન જે બીજા લોકો સામે હોય છે તેમાં પહેલા મુસ્લિમોની હાલતનું વર્ણન કરૂ છું અને પછી તેમને તે શકિતઓને તેમનો ચહેરો બતાઉ છું અને પત્રકારો તથા અમુક ઇન્ટરવ્યૂમાં આ જણાવું છું કે મુસ્લિમોનો આના પર અમલ ન કરવું પણ ઇસ્લામની અને આંહઝરત સ.અ.વ.ની સચ્ચાઇની દલીલ છે કેમ કે આપ સ.અ.વ.એ સ્પષ્ટ રીતે ફરમાવી દીધું હતું કે મુસ્લિમોની આ હાલત થઇ જશે કે તે ઇસ્લામી શિક્ષણની હકીકત ભુલાવી દેશે અને પોતાની નફસાની ખ્વાહેશો અને પોતાના લાભો તેમની પ્રાથમિકતા બની જશે. તે સમયે જ્યારે આવી સ્થિતિ હશે તો આપ સ.અ.વ.ના સાચા ગુલામનું આગમન થશે જેનું વર્ણન કુરાનમાં પણ છે અને તેમના આગમનના યુગની નિશાનીઓ કુરાને પણ બયાન ફરમાવી અને આંહઝરત સ.અ.વ.એ પણ સ્પષ્ટ રીતે બયાન ફરમાવી. માટે એક અહેમદી મુસ્લિમને આ હાલતોથી પરેશાન થયા વગર એક રીતે ખુશ થવાનો અવસર છે, આ તસલ્લી છે કે આંહઝરત સ.અ.વ.એ મુસ્લિમોની જે હાલત બયાન કરી હતી અને ખાસ કરીને ઉલ્માઓની હાલતની જે ભવિષ્યવાણી કરી હતી તે પૂર્ણ થઇ. આપણે અહેમદી મુસ્લિમો એટલા માટે પણ ખુશ છે કે આપણે આંહઝરત સ.અ.વ.ની ભવિષ્યવાણીના બીજા ભાગને પુરો કરનારમાં સામેલ છીએ અને અલ્લાહ તઆલાનો મોકલેલ વ્યકિત અને આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામ મસીહ મૌઉદ અને મહદી મઅહૂદને માનનાર પણ છીએ. પરંતુ શું આટલી વાત આપણને આપણા હેતુ હાસેલ કરનાર બનાવી દેશે? આ એક એવો સવાલ છે જેના પર આપણામાંથી પ્રત્યેકે વિચાર કરવું જોઇએ. આ આયત જે મેં તિલાવત કરી છે આ આયત મેં ઘણાં બધા ભાષણોમાં જે હું બીજા લોકો સામે કરૂ છું અને તેમને જણાવું છું કે ઇસ્લામ જ્યારે ન્યાય કાયમ કરવાનું કહે છે તો તેના માટે જે ધોરણ કાયમ કરે છે તે આ આયતમાં દર્શાવેલ છે અને ઘણાં લોકો આનાથી પ્રભાવિત થાય છે અને પોતાની ટિપ્પણીઓમાં આનું વર્ણન પણ કરે છે પરંતુ આપણું કામ ફકત અમલી રૂપમાં બીજાને પ્રભાવિત કરવું નથી. હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મિશનને આગળ

વધારવા માટે આપણે કુરાનના હુકમોને અમલી ઉદાહરણો પોતાના અમલથી દેખાડવાની જરૂર છે. દુનિયા આપણને પુછી શકે છે કે તમારો એક એક જમાઅતી નિઝામ છે તમે એક જમાઅત છો એક હાથ પર ઉઠવા બેસવાનો દાવો કરો છો તમારો એક બીજાથી નાગરિકતા અને સામાજીક મામલાઓમાં વાસ્તો પડે છે શું તમે ન્યાય અને ઇમાનદારીના તે ધોરણો પર પોતાના મામલાઓ તય કરો છો. અલ્લાહ તઆલાએ આ આયતમાં એક સ્થાને શરૂમાં "કિસ્ત"નો શબ્દ ઉપયોગ કર્યો છે અને બીજા સ્થાને "અદલ"નો જેનો અર્થ છે બરાબરી, સંપૂર્ણ ન્યાય અને ઉચ્ચ અખ્લાકી ધોરણ, કોઇ પણ પ્રકારીની તરફદારીથી સંપૂર્ણ રીતે પવિત્ર હોવું અને વગર કોઇ ઝુકાવ તથા અસર કામ કરવું. હવે આપણામાંથી પ્રત્યેકે આ જોવાની જરૂર છે કે શું આ વાતો સામે રાખીને આપણે આપણા મામલાઓ તય કરીએ છીએ? શું આપણે આ ધોરણ કાયમ કરવા માટે પોતાની વિરૂધ્ધ ગવાહી આપવા માટે તૈયાર છીએ? શું આપણે આ ધોરણ કાયમ કરવા માટે પોતાના માતા પિતાની વિરૂધ્ધ ગવાહી આપવા માટે તૈયાર છીએ? શું આપણે આ ધોરણ કાયમ કરવા માટે પોતાના સગા વહાલાઓની વિરૂધ્ધ ગવાહી આપવા માટે તૈયાર છીએ?. સગા વહાલાઓથી અહીયા અર્થ પહેલા તો બાળકો છે. શું આપણે આ ધોરણો કાયમ કરવા માટે પોતાની ખ્વાહેશોને દબાવવાની શકિત રાખીએ છીએ અને શું સાબિત કરીને બતાવી પણ શકીએ છીએ? આ બધી એવી વાતો છે જે સાધારણ વસ્તું નથી. આ યુગમાં આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામે આ નમૂના કાયમ કરીને આપણને બતાવ્યા. એક ઘટના છે કાદિયાનના કિસાનો સાથે એક ખાનદાની મુકદમો ચાલી પડયો અને કિસાનોના હકમાં સચ્ચાઇ બયાન કરીને આ મુકદમામાં આપે પોતાના ખાનદાનના ધન નુકસાનની કોઇ પરવાહ ન કરી બલ્કે તે ગરીબ કિસાનોએ જાણ હોવા છતાં કે આપ માલીક છો તેમાં ભાગીદાર છો અદાલતમાં આપની ગવાહી પર ફેસલો કરવાનું કહ્યું કેમ કે તેમને માલુમ હતું કે આપ હંમેશા હક અને ન્યાય કાયમ રહેતાં ગવાહી આપશો આમ, આપે તેમના હકમાં ગવાહી આપી.

આમ, આપ અ.સ. આ ધોરણ પોતાના માનનાર લોકોમાં પણ કાયમ કરવા ચાહે છે એટલા માટે કે આપ તે જમાઅત બનાવવા ચાહે છે જે કુરાન શરીફના હુકમો પર અમલ કરનાર હોય જેના નેકીઓના ધોરણ ઉચ્ચ હોય માટે આપે કુરાન શરીફની હુકુમતને પોતાના માથે કબૂલ કરવાનો અહેદ આપણાથી બૈઅતમાં લઇ લીધો છે. કુરાન શરીફમાં એક બીજા સ્થાને અલ્લાહ તઆલા ફરમાવે છે કે ولا یجر منکم شنآن قوم علی الا تعدلوااعدلوا هو اقرب للتقوٰی

આ વિશે હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે દુશ્મન કોંમોની દુશ્મની તમોને ન્યાયથી બાધક ન હોય ન્યાય પર કાયમ રહો કે તકવા તેમાં જ છે. ફરમાવ્યું: હું સત્ય સત્ય કહું છું કે દુશ્મનથી આગતાસ્વાગતાથી પેશ આવવું સરળ છે પરંતુ દુશ્મનના અધિકારોની સુરક્ષા કરવી અને મુકદમામાં ન્યાયને હાથથી ન જવા દેવું આ ખુબ મુશ્કેલ અને ફકત જવાં મર્દોનું કામ છે. ફરમાવે છે: ઘણા લોકો પોતાના દુશ્મનથી પ્રેમ તો કરે છે અને મીઠી મીઠી વાતોથી પેશ પણ આવે છે પરંતુ તેમના હકકો દબાવી લે છે. એક ભાઇ બીજા ભાઇથી પ્રેમ કરે છે અને પ્રેમના પરદામાં ધોકો આપીને તેના હકકો દબાવી લે છે. આપ અ.સ. પોતાની જમાઅતથી આ ભરોસો રાખે છે કે તેમના ધોરણ ખુબ ઉચ્ચ હોય અને તે અમલ હોય જે કુરાનની તાલીમ અનુસાર હોય. હક દબાવનાર અને અન્યાય કરનાર લોકોમાં સામેલ ન થાય. જો ફેસલો કરવાનો અવસર મળે તો પ્રત્યેક સંબંધથી ઉચ્ચ રહીને ફેસલો થાય, ચાહે પોતાને નુકસાન પહોચતું હોય અથવા પોતાના માતા પિતાને નુકસાન થતું હોય અથવા સગા વહાલાને, પોતાના બાળકોને નુકસાન થતું હોય, પરંતુ ન્યાયના ઉચ્ચ ધોરણો કાયમ થવા જોઇએ. આમ, આ નમૂના જ્યારે આપણે કાયમ કરીશું તો દુનિયાને પણ કહી શકીશું કે આજે અમે છીએ જે પોતાની અંદર ફેરફાર લાવીને અને ઇસ્લામી તાલીમ ઉપર અમલ કરીને દુશ્મનથી પણ ન્યાયની હિમ્મત રાખીએ છીએ અને કરીએ છીએ. સાચી ગવાહી આપીએ છીએ ચાહે પોતાની વિરૂધ્ધ હોય. પોતાના માતા પિતા વિરૂધ્ધ હોય અથવા પોતાના બાળકો વિરૂધ્ધ હોય અથવા પોતાના સગા વહાલા વિરૂધ્ધ આપવી પડે. આ નમૂના આપણે એટલા માટે કાયમ કરી રહ્યા છીએ કે આગળ દુનિયાનું માર્ગદર્શન આપણે કરવું છે. જો આ નમૂના નથી તો આપણે અલ્લાહ તઆલાના હુકમોથી દુર જઇને પોતની પ્રતિજ્ઞાઓથી દગો કરનાર બની રહ્યા હશું.

માટે પ્રત્યેક અહેમદીએ અને ખાસ કરીને કાર્યસેવકોએ આ જોવાની જરૂર છે કે તેઓ કેટલી હદ સુધી પોતાની અમાનતોના હક અદા કરતાં ન્યાયના આ ધોરણ પર કાયમ છે કે તેમનો પ્રત્યેક ફેસલો જે છે તે ન્યાયના ઉચ્ચ ધોરણોને હાસેલ કરનાર હોય. હું કેનેડા ગયો હતો ત્યાં પણ અમુક કાર્યસેવકો વિશે લોકોની ફરિયાદો છે કે ન્યાયથી કામ નથી લેતા. પ્રત્યેક વિભાગનું કામ છે કે ફેસલો કરતા સમયે પોતાની તમામ શકિત સાથે વિચાર વિમર્શ અને દરેક વસ્તુંને બારીકાયથી જોઇને ફેસલો કરે. અલ્લાહ તઆલાથી મદદ માંગે કે સાચો ફેસલો કરવાની તૌફીક આપે. કોઇ પણ ફેસલો કરતાં સમયે દુઆ જરૂર કરવી જોઇએ.

અલ્લાહ તઆલા કુરાન શરીફમાં ફરમાવે છે કે મોમિન તે છે જે પોતાની અમાનતો અને અહેદોનો ખ્યાલ રાખે છે. અહીયા આ પણ સ્પષ્ટ કરી દઉ કે આ ન સમજો કે મરકઝી કાર્યસેવકો જ આમા સામેલ છે બલ્કે સદરો અને મજલિસ એ આમલા પણ આમાં સામેલ છે જેમણે પોતાનું નિરીક્ષણ કરવાની જરૂર છે કે શું તેઓ ન્યાયના તમામ તકાદા પુરા કરે છે અને ફકત કેનેડાની વાત નથી જર્મનીથી પણ આ જ ફરિયાદો છે અને અહીયા પણ અને બીજા દેશોમાં પણ. પોતાના રવૈયાને ઠીક કરવાની જરૂર છે નહીતર ન્યાયના તકાદા પુરા ન કરતાં ન માત્ર અમાનત અને અહેદોનો ખ્યાલ ન રાખીશું બલ્કે દગો આપનાર બનીશું અને અલ્લાહ તઆલા ફરમાવે છે કે તે દગો કરનારને પસંદ નથી કરતો. ખિદમત કરીને સવાબ લેવાના સ્થાને અન્યાય કરીને અથવા ઘમંડ દેખાડીને અલ્લાહ તઆલાની નારાઝગી લેનાર બની જઇએ છીએ. માટે આપણ કાર્યસેવકોએ પોતાનું નિરીક્ષણ કરવું જોઇએ કે શું તઓ અલ્લાહ તઆલાના બતાવેલ ઉસૂલ પ્રમાણે ન્યાયના તમામ તકાદાઓ પુરા કરી રહ્યા છે ? પોતાના કામમાં ન્યાય કરી રહ્યા છે અને જેનાથી વાસ્તો પડે છે તેનાથી પણ ન્યાય કરી રહ્યો છે ? માત્ર સદર હોવું અથવા સેકરેટ્રી હોવું કોઇ હેસીયત નથી રાખતું. ન અલ્લાહ તઆલા પર અને ન તેની જમાઅત પર કોઇ અહેસાન છે. જો આ પોતની અમાનતો અને હોદ્દાની તે રીતે હક અદા નથી કરતા જે રીતે અલ્લાહ તઆલા ચાહે છે તો કોઇ ફાયદો નથી. માટે સાફ થઇને અલ્લાહ તઆલાની ખાતર પ્રત્યેક હોદ્દાદારે કામ કરવું જોઇએ અને પ્રત્યેક ફેસલામાં ન્યાયના તમામ તકાદાઓ પુરા કરો. જો કોઇ મામલો સામે આવે જેનો પહેલાં ખોટો ફેસલો થઇ ગયો છે તો જેવું કે મેં કહ્યું કે પોતાની ભૂલ માનતાં તે ફેસલાને બરાબર કરો પોતાના અખલાકને પણ સુધારો અને અલ્લાહ તઆલાના હુકમોને પણ યાદ રાખો કે લોકો સાથે નરમીથી વાત કરો અને ઉચ્ચ અખલાકથી વાત કરો. જેવું કે મેં કહ્યું કે દુનિયા દરેક દેશમાં હોદ્દાદારોએ પોતાનું નિરક્ષિણ કરવાની જરૂર છે. આપણે પ્રત્યેક મામલામાં પોતાના નમૂના કાયમ કરવાની જરૂર છે. આપણો દરેક કાર્યસેવક વિશેષ રૂપમાં અને દરેક અહેમદી દુનિયા સામે એક રોલ મોડલ હોવો જોઇએ. પ્રત્યેક અહેમદીએ યાદ રાખવું જોઇએ કે જીમ્મેદારી ફકત કાર્યસેવકોની જ નથી પ્રત્યેક અહેમદી પણ જીમ્મેદાર છે. તેની જીમ્મેદારી છે કે આપસના સંબંધોમાં મિસાલી નમૂનો કાયમ કરે ન્યાયનો તકાદો પુરો કરે અખ્લાકને ઉચ્ચ ધોરણ સુધી પહોચાડે. એક બીજાના મામલામાં સંપૂર્ણ રીતે કોઇ પણ પ્રકારની તરફેણથી પોતાને પવિત્ર કરે. કોઇ પણ બાજુ તેમનો ઝુકાવ ન હોય. અહેમદીની ગવાહી અને બયાન પોતાના ન્યાય અને સચ્ચાઇની એક મિસાલ બની જાય અને દુનિયા કહે કે અહેમદીએ ગવાહી આપી છે તો પછી તેને ચેલેંજ ન કરી શકાય કેમ કે આ ગવાહી ન્યાયના ઉચ્ચ ધોરણ સુધી પહોચેલ છે. જો આપણે આ કરી લઇશું તો આપણે આપણા સંબોધનોમાં પોતાની વાતો અને તબલીગમાં સાચા છીએ નહીતર જેવા બીજા છે તેવા આપણે.

પ્રત્યેક અહેમદીએ યાદ રાખવું જોઇએ કે આપણે પોતાની અહેદ એ બૈઅતમાં તમામ પ્રકારની બુરાઇઓથી બચવાનો અહેદ કર્યો છે અને અહેદ પર ધ્યાન ન આપવું અને જાણી જોઇને તેના પર અમલ ન કરવું દગો છે. આંહઝરત સ.અ.વ. એક વાસ્તવિક મોમિનની નિશાની જણાવતાં ફરમાવે છે કે કોઇ વ્યકિતના દિલમાં ઇમાન અને કુફ્ર, સત્ય અને જુઠ એક સાથે નથી રહી શકતું અને ન અમાનત અને ખિયાનત એક સાથે રહી શકે છે. પછી એક હદીસમાં આપ સ.અ.વ. એ ફરમાવ્યું જે કાર્યસેવકોએ પણ સામે રાખવી જોઇએ અને પ્રત્યેક અહેમદીએ પણ કે ત્રણ કામ વિશે મુસલમાનનું દિલ દગો નથી કરી શકતો અને તે ત્રણ વાતો આ છે ખુદા તઆલાના કામમાં નેક ઇરાદો, બીજુ પ્રત્યેક

મુસલમાન માટે સલામતી અને ત્રીજુ જમાઅત એ મુસ્લેમિન સાથે મળીને રહેવું. અલ્લાહ તઆલા પ્રત્યેક અહેમદીને આ તૌફીક આપે કે ન્યાયનો તકાદો પુરો કરનાર બને. કોઇ પણ પ્રકારની ગવાહીનો અવસર આવે તો તેમાં દગો ન થાય. જમાઅતનો પ્રત્યેક અધિકારી પોતાની જીમ્મેદારીને ઓળખે. પોતાના અહેદ અને પોતાની અમાનતોને પુરી કરનાર અને અદા કરનાર બને. પોતાની તમામ જીમ્મેદારીને ન્યાયના તકાદાને પુરા કરતાં અદા કરનાર બનાવે. આ સુંદર તાલીમ આપણી નસલોમાં પણ જારી રહે અને તેના માટે આપણે પ્રયત્ન પણ કરવો જોઇએ જેથી જ્યારે સમય આવે તો આપણે દુનિયામાં વાસ્તવિક ન્યાય કાયમ કરીને દેખાડનાર બનીએ. તે ન્યાય જે આંહઝરત સ.અ.વ. એ કાયમ ફરમાવ્યું અને જેના નમૂના આપ સ.અ.વ.ના સાચા ગુલામે કાયમ કર્યા અને જેનો ભરોસો આપએ પોતાના માનનારથી પણ રાખ્યો છે. અલ્લાહ તઆલા આપણને આની તોફીક આપે.

હુઝુર અનવરે ફરમાવ્યું : નમાઝ પછી હું જનાઝા ગાએબ પઢાવીશ. જેમાં પ્રથમ જનાઝો મુકરમ અદનાન મુહમ્મદ સાહેબ જેઓ સિરયાના હતા. ૨૦૧૩માં સિરયાથી આતંકવાદીઓએ તેમને કીડનેપ કરી લીધા હતા અને પછી તેમને શહીદ કરી દીધા.

ફરમાવ્યું બીજો જનાઝો મુકરમ બશીર બેગમ સાહેબા જેઓ ચોધરી મંઝુર અહેમદ સાહેબ ચીમા દરવેશ કાદીયાનની પત્ની હતા. ૭ નવેમ્બર ૨૦૧૬ના રોજ ૯૩ વર્ષની ઉમરે અવસાન થયું. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન.

ત્રીજો જનાઝા ગાએબ મુકરમ રાના મુબારક અહેમદ સાહેબ જેઓ લાહૌરના રહેવાસી હતા. ત્યાર પછી અહીયા આવી ગયા. ૫ નવેમ્બર ૨૦૧૬ ના રોજ ૭૮ વર્ષની ઉમરે અવસાન થયું. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન.

હુઝુર અનવરે આ ત્રણેય મરહૂમોનો પરિચય કરાવ્યો અને તેમની ખુબીઓનું વર્ણન કર્યુ.

*******

Khulasa Khutba Jumma Huzoor Anwar 25 November 2016

BOOK POST (Printed Matter)

To.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.